PF-1601010101062202 Seat No. ______

# B. A. (Sem. VI) (CBCS) Examination

**March / April - 2020**

## Gujarati : Paper - 22

*(Gujarati Vyakaran, Sahitya Sarjan - Lekhen Kaushal-6)*

*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) આ પ્રશ્નપત્રમાં પાંચ પ્રશ્નો છે.

(2) દરેકના ગુણ સરખા છે.

1 નીચે આપેલા કાવ્યનો આસ્વાદ આપો : **14**

કેવડિયાનો કાંટો અમને કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે,
મૂઈ રે એની મ્હેક, કલેજે દવ ઝાઝેરો લાગ્યો રે.
બાવળિયાની શૂળ હોય તો ખણી કાઢીએ મૂળ, કેરથોરના કાંટા અમને કાંકરિયાળી ધૂળ;
આ તો અણદીઠાનો અંગે ખટકો જાલિમ જાગ્યો રે,
કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે.
તાવ હોય જો કડો ટાઢિયો ક્વાથ કુલડી ભરીએ, વાંતરિયો વળગાડ હોય તો ભૂવો કરી મંતરીએ.
રૂંવે રૂંવે પીડ જેની એ તો જડે નહિ કહીં ભાંગ્યો રે,
કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે.

- રાજેન્દ્ર શાહ

**અથવા**

1 નીચે આપેલા કાવ્યનો આસ્વાદ આપો : **14**

મને એ સમજાતું નથી કે શાને આવું થાય છે ?
ફૂલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે !
ટળવળે તરસ્યાં, ત્યાં જે વાદળી વેરણ બને,
તે જ રણમાં ધૂમ મૂસળધાર વરસી જાય છે !
ઘર વિના ઘૂમે હજારો ઠોકરાતા ઠેરઠેર,
ને ગગનચૂંબી મહેલો જનસૂનાં રહી જાય છે !
દેવડીએ દંડ પામે ચોર મૂઠી જારના,
લાખ ખાંડી લૂંટનારા મહેફિલે મંડાય છે !
કામધેનુને મળે ના એક સૂકું તણખલું,
ને લીલાછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે !
છે ગરીબોના કૂબામાં તેલ ટીપું દોહ્યલું,
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે !!!

- કરસનદાસ માણેક

2 મધ્યકાલીન સાહિત્યના સંશોધક કે સંપાદકે કઈ બાબતની કાળજી રાખવી જોઈએ ? આ બાબતની ચર્ચા કરો. 14

**અથવા**

2 મધ્યકાલીન સાહિત્યના સંશોધન અને સંપાદનની સમસ્યા કે પ્રશ્નો અંગે નોંધ લખો. 14

3 જોડણી એટલે શું ? જોડણીને લગતા અનુસ્વારના નિયમ ઉદાહરણ સાથે સમજાવો. 14

**અથવા**

3 જોડણીમાં જોડણી ભેદે અર્થ ભેદ એટલે શું ? એ સમજાવી આ બાબતના દસ ઉદાહરણ આપો. 14

4 'મારી પ્રાથમિક શાળા'ની તમે લીધેલી મુલાકાતનો પ્રસંગ આલેખન કરો. 14

**અથવા**

4 તમારી સંસ્થામાં યોજાયેલ 'બ્લડ ડોનેશન કેમ્પ' મુલાકાતનું સર્જનાત્મક ગદ્ય દર્શાવતા પ્રસંગનું આલેખન કરો. 14

5 કોઈપણ **બે** વિશે ટૂંકનોંધ લખો : 14

(1) સ્વર સંધિ પાંચ ઉદાહરણ સહિત સમજાવો.

(2) વ્યંજન સંધિ પાંચ ઉદાહરણ સહિત સમજાવો.

(3) વિસર્ગ સંધિ પાંચ ઉદાહરણ સહિત સમજાવો.

(4) સર્જનાત્મક ગદ્ય એટલે શું ? સમજાવો.

(5) પ્રસંગાલેખન એટલે શું ? સમજાવો.